નમસ્કાર ગાંધીનગર

પમરાટ

અમે એવા છઇએ, અમે એવા છઇએ.
તમે માછલી માગો ને અમે દરિયો દઇએ.
તમે અમથું જુઓ તો અમે દઇ દઇએ સ્મિત,
તમે સૂર એક માગો તો દઇ દઇએ ગીત,
તમે વાંસળી કહો ત્યાં અમે વૃન્દાવન જઇએ,
અમે તારા બગીચાની માલણ છઇએ.
તમે પગલું માંડો કે અમે થઇ જઇએ પંથ,
અમે ફૂલોની પાંદડીમાં છૂપી વસંત,
તમે પૂછો નહિ અમને અમે કેવા છઇએ,
અમે તારા આકાશમાં પારેવાં છઇએ.

સુરેશ દલાલ

પાથેય

- રમેશ ઠક્કર

અમે આકાશનાં પારેવાં...

હરખ વ્યક્ત કરવામાં સૌ કોઈ સરખા હોતા નથી.આપણે સૌ લાગણીઓને દબાવી સ્વયમ દબાતા રહીએ છીએ.આ સમજવા જેવી વાત છે.કુદરતે માણસને ઊર્મિસભર મન આપ્યું છે.એમાં પ્રતિપળ નવાં નવાં સ્પંદનો ઉભરાતાં રહે છે.માણસ સતત કોઈને કોઈ સ્પર્ધા,ધંધાની હરીફાઈ, રોજગારીની તલાશ, જેવી કારણવગરની દોડધામ કરતો રહે છે.એ ઇચ્છે તો પણ પોતાની આ ઉર્મિઓને યોગ્ય રીતે વ્યક્ત કરી શકતો નથી.એને હંમેશા મર્યાદામાં જ બોલવું પડે છે.જેટલું ચોકસાઈથી કે માપસર બોલે એટલી એની કિંમત વધારે. કોઈ માણસ કારણ વગર છલકાઈ જાય કે કારણ વગર સ્મિત આપે એ બહુ દુર્લભ ઘટના હોય છે. વાત વાતમાં છલકાઈ જતા લોકોને આપણે હરખપદુડા કહીએ છીએ.એમનો ઉપહાસ કરતા રહીએ છીએ.પરંતુ કવિઓ અને લેખકો આવા ઉપહાસમાંથી જ જીવવાનો ખાસ મુકામ શોધી લેતા હોય છે.છલકાઈ જવામાં એમને લિજ્જત અનુભવાય છે.

જગતમાં માગીએ તો કશું જ મળે. ઝૂંટવી લેવું એ પણ અત્યંતિક ભાવ છે. પરંતુ કોઈ સિસ્ટમ કે કોઈ પદ્ધતિને અનુસરી તમે કોઈપણ વસ્તુ ભલે પરાણે પણ મેળવી લો તો એ ખોટું ગણાતું નથી ! એટલે એક રીતે જોઈએ તો અહીં ઝૂંટવી લેવાનો? મહિમા છે.લોકો મફતની હવા માગો તો પણ ના આપે.પાણીનો ગ્લાસ આપવામાં ય કેટલા વિચાર કરે.આવા કુદરતી સ્રોતો માટે પણ જો માણસ ગણતરી કરતો હોય તો જેની દુનિયાની દ્રષ્ટિએ કિંમત છે એવી કોઈ ચીજ વસ્તુ આપવામાં તો એનો ઉમળકો ક્યાંથી હોય ? છતાંય અહીં એવા માણસો પણ પડ્યા છે કે જે તમે પાણી માગો અને દૂધ હાજર કરી દે.કવિ કહે છે એમ તમે માછલી માગો અને આખો દરિયો આપી દે ! આવા પ્રેમીજનો એ જ આમ જોઈએ તો જગતનો સાચું મોણ છે.

સામાન્ય રીતે માણસ કોઈની સામે જોઈને સામાન્ય સ્માઈલ આપતો નથી. એની દરેક રીતભાત ગોઠવાયેલી હોય છે. એની પાછળ ચોક્કસ ગણતરી રહેલી હોય છે.એટલે જ કોઈ જો કારણવગર આપણી સામે હસે તો આપણને ઘણી વખત શંકા જતી હોય છે! થાય કે આ માણસ બરાબર તો હશે ને..?કેટલાક લોકો ઉત્સાહના ફુવારા જેવા હોય છે.તમે જરીક એમની સામે જુઓ તો એ તરત સ્મિતસભર ચહેરાથી તમારું અભિનંદન કરશે.તમે એકાદ સુર માટેની અપેક્ષા રાખો અને એ તમને આખેઆખું ઊર્મિગીત આપી દેતા હોય છે.આવા હરખઘેલા માણસો એ જ દુનિયાની મોટી ઉપલબ્ધિ છે.

કોઈકને સતત આપતા રહેનારા માણસોની ખુમારી ગજબ હોય છે.એવું નથી હોતું કે એમની પાસે ખૂબ સંપત્તિ, શારીરિક ક્ષમતા,કે ઉચ્ચ પ્રકારની બુદ્ધિપ્રતિભા હોય છે.એટલે એ લોકો આવા ઉમળકાભર્યા પ્રતિભાવો આપે છે.ઘણા માણસો સ્વભાવથી જ લાગણી ભૂખ્યા હોય છે.બીજાને પ્રેમ આપવામાં એમને આનંદ આવતો હોય છે..તમે એમની પાસે વાંસળીની અપેક્ષા રાખો અને એ તમને આખું વૃંદાવન આપી દેતા હોય છે.કવિની આ કલ્પના ખૂબ જ મજેદાર છે..આવા લોકો માટે અન્ય લોકોના બગીચાના રખેવાળ જેવી ઉપમા આપે છે..આપણે જો એમની સાથે એક ડગલું ભરીએ તો એ આખો પંથ સાથે ચાલવાની તૈયારી રાખતા હોય છે.એકાદ ફુલ એમને ધરીએ તો એ આખી વસંત ઉભી કરી શકતા હોય છે..આવા માણસો પોતાની ઓળખ કોઈ અલગ રીતે આપતા નથી.એ ફક્ત એટલું કહે છે કે અમે તો આકાશમાં ઉડતાં પારેવા જેવા છીએ ! એ કહે છે.એમનો હરખ આકાશની અસીમતાને આંબી જાય એવો હોય છે.

લંચક્લબમાં લટાર મારવાથી સંસારના બધા રંગ સમજાય છે...

હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

ચંદ્રભદ્રની ધન્યતા અને કન્ફ્યુઝનના મિશ્રણથી એમનો ચહેરો બદલાઈ રહ્યો હતો. ઘણા સરકારી માણસો મહેનત કરીને પોતાનો ચહેરો સરકારી રાખતા હોય છે. ઘણાને પોતે કંફ્યુઝ્ડ છે એવું બતાવવા કોઈ મહેનત કરવી પડતી નથી. ખોતરકામવાળા ખોડભાઈને એક જ લ્હાવો લેવો હોય છે. 'હું બહુ અગત્યનો છું' આમ તો કાચીપાકી અંગ્રેજી જાણનારા પણ પોતાને 'ઇમ્પોર્ટન્ટ' એવું કહેતા હોય છે પણ ખોડભાઈને કેટલાયે વખતથી પોતે 'ઇમ્પોર્ટેડ' છે એવું લાગે છે. આવા ખોડભાઈની લંચ ક્લબમાં લંચ લેવા જવાનું ગોઠવાયું છે. ચંદ્રભદ્રની વિફરેલી અને વકરેલી ભુખ આ લંચ ક્લબના વાતાવરણને પચાવી શક્શે કે કેમ તે તો આવનારો સમય કહેશે. અત્યારે સવારથી નિરંજનના ઘરમાં એક અલગ પ્રકારનું વાતાવરણ સર્જાઈ રહ્યું છે, હવે ટુંક જ સમયમાં ચંદ્રભદ્રને ગાંધીનગરમાંથી વિદાય થવું છે. જિંદગીમાં કોઈ સરકારી અધિકારીને મળવાનો કે સમજવાનો અવસર નહીં મળ્યો હોવાથી ચંદ્રભદ્રને જીવન ખાલી ખાલી લાગતું હતું પણ આ મહીના દરમ્યાન જે વિવિધરંગી જ્ઞાનવર્ધક બનાવો બન્યા તેનાથી ચંદ્રભદ્રને લાગતું હતું કે એ જીવનની કશીક ધન્યતા પ્રાપ્ત કરી રહ્યા છે.

આજે હવે જ્યારે એ આ મહિનાની રસપૂર્ણ અને રંગપૂર્ણ યાત્રા પુરી કરવા જઈ રહ્યા છે ત્યારે એક પ્રકારની વિશિષ્ટ લાગણી અનુભવી રહ્યા છે. દર વખતની જેમ આજેય નિરંજનને થયું કે ચંદ્રભદ્રને આજની આ લંચક્લબની મુલાકાત વિશે બ્રીફ કરું. આ બ્રીફીંગ એટલે ટુંકમાં ના કહી શકાય એવી લાંબી વાતો. ચંદ્રભદ્રને કહ્યું, 'આપણે જેની લંચ ક્લબમાં જઈએ છીએ એ ખોડભાઈ એમના ખોતરકામ માટે જાણીતા છે.. ' ચંદ્રભદ્રના મનમાં બે સ્વાલ ઉભા થયા, ખોડભાઈની લંચક્લબ એટલે શું ? આ પ્રાચીનકાલના કબીલાઓ જેવું છે. બીજું આ 'ખોતરકામ' શબ્દ ચંદ્રભદ્રને જરા ઉત્તેજના આપી રહ્યો હતો. કોતરકામ શબ્દ જાણીતો છે પણ આ ખોતરકામ ક્યી બલાનું નામ છે? ચંદ્રભદ્રને હાલને હાલ જાણી લેવું હતું, પણ નિરંજને સાંત્વના આપી. હમણાં બધું જાણવાની જિજ્ઞાસાને મ્યાનમાં રાખો. હા, એક વાત સમજી લઈએ. અહીં લંચ એ લાંચ કરતાં વિશેષ સ્થાન ધરાવે છે. જેને અમેરિકન્સ 'નેટવર્કીંગ' કહે છે એવું કશુંક આમાં થતું હોય છે. આ ખોડભાઈ એક મહાન વ્યક્તિ છે જેમનું નામ ડાબેરી કે જમણેરી એવા કોઈ ઈતિહાસકારો ઈતિહાસમાં લખવાના નથી. પણ ખોડભાઈની એક વિશેષતા છે એ કશામાંથી પણ ખોડ કાઢી શકે. હવે, એમની આવડતને લીધે એમનું નામ ખોડભાઈ હતું કે ખોડભાઈ નામ છે માટે ઈશ્વરે નામ પ્રમાણેની આંખ/બુધ્ધિ જેવા સ્પેરપાર્ટસ નાંખતી વખતે આ ખોડભાઈને એક પ્રકારના આશિર્વાદ દીધા છે.

ખોડભાઈની લંચક્લબ ક્યારેક લારી નંબર સાડત્રીસ, તેર કે એમની ચેમ્બર એમ જુદા જુદા સમયે જુદી જુદી જગાએ મળતી. એમાં ત્રણથી સાત જેટલા સભ્યો અને ખોડભાઈ ઈચ્છે તેવા 'ગેસ્ટ'ને ખાસ પ્રિવીલેજ કે વિશેષાધિકાર મળતો.

એવું કહેવાય છે કે કોઈપણ ખટપટના ખાતરપણી ખોડભાઈની આ ટોળી કરી શકતી. ખોડભાઈ પોતે ખટપટસમ્રાટ હતા. એમને એમના હોદ્દા કરતાં દશગણી શક્તિ/પાવ્ર પોતાની પાસે છે એવો દેખાવ કરવાનો શોખ હતો. પહેલાં એ શોખ હતો પણ કાળક્રમે એ એમનો સ્વભાવ બની ગયો. એમની લંચક્લબ એક ટીપીકલ લંચક્લબ હતી જેમાં મસાલામાં પણ સરકારી સુગંધ આવે.

આ ક્લબમાં કનુભાઈ કહ્યાગરા અને યશુભાઈ યસમેન કાયમ આવતા. દરેક જણે આવતા જતા ખોડભાઈને સાહેબ કહેવા પડતા. ખોડભાઈ કહેતા કે જો 'આપણા ભાઈબંધો આપણને સાહેબ કહે તો આખો સમાજ આપણને સાહેબ કહે.

સાહેબ કહેવડાવવાના વઘારથી શોભતી લંચક્લબ આજે એક સરકારી કચેરીના એક ખુણે પડેલા સોફામાં ગોઠવાણી હતી. ચંદ્રભદ્ર નિરંજન સાથે પ્રવેશ્યા ત્યારે કનુભાઈ અને યશુભાઈ ખોડભાઈના વખાણ કરવામાં લાગેલા હતા. આ નિત્યક્રમ હતો, આવું થાય તો લંચનું વાતાવરણ બને. જો કે ચંદ્રભદ્ર એકાદ બે જુના જોકથી વાતાવરણ 'સ્પાઈસી' બનાવવા પ્રયત્ન કરતા હતા. પણ કહ્યાગરાએ અટકાવ્યા. ગમ્મત તો આખો દિવસ હોય છે, સાહેબને આ રીતે મળવાનો સમય બપોરે જ મળે છે ત્યારે ગમ્મતમાં સમય વેડફી દઈએ તો સાહેબના મહાપ્રયત્ને જે પ્રોટીનયુક્ત વાતાવરણ ઉભું થયું છે તે ફીક્કું પડી જશે. ચંદ્રભદ્ર નક્કી નથી કરી શકતા કે એ કોઈ લંચ માટે આવ્યા છે કે કોઈ સન્માન સમારંભમાંપ એમણે કહ્યું, 'અમારે ત્યાં મિત્રોને સાહેબ કહેવાનો રિવાજ નથીપ ' તરત જ એમને રોકતા યશુભાઈએ કહ્યું, 'પ્રશ્ન રિવાજનો નથી, કર્ટસીનો છે, સંસ્કારનો છે.' સરકારી નોંકરીમાં આ લંચનો સમય એક જ એવો સમય હોય છે જ્યારે માણસ પોતાના સંસ્કાર પ્રદર્શિત કરી શકે. મિત્ર પ્રત્યે અહોભાવ પ્રગટ કરી શકે. તમે લોકો અમારા પુરા વાતાવરણથી પરિચિત નથી. ખોડભાઈ પોતે એટલા બધા પ્રામાણિક છે કે રસ્તામાં જનારને ચા-કૉફી-નાસ્તો કરાવે પણ પોતે ના કરે. આવી રીતે ત્યાગથી ઘડાયેલું એમનું વ્યક્તિત્ત્વ અને સમાજની સેવામાં ખર્ચાઈ ગયેલો એમનો પાતળો દેહ.. આવા લંચના સમયે માંગે છે એક પ્રકારનું ન્યુટ્રીશન જે એમના ન્યુરોન્સને તાજગી આપે. એમના વખાણ કરીએ છીએ છતાં એમને હજી સુધી ડાયાબિટીસ નથી આવ્યો. એમના લીધે અનેકોને ડાયાબિટીસ આવ્યો છે, બીપી અને બાયપાસ જેવા બનાવો પણ બન્યા છે પણ ખોડભાઈ ખડતલ છે, કોઈપણ પરિસ્થિતિનું ખોતરકામ કરીને બધાને પોતે અથાણાં છે એવો અનુભવ કરાવે. કોઈ પહેલવાન આવે તો એને પાપડની ફીલીંગ આવે, અને વિદ્વાનને ભુલા પડ્યાનું ભાન થાય. ખોડભાઈની ખુબીઓ એટલી બધી છે કે બધાને એમ થાય એમની સલાહ લે અને ખાડામાં પડે ત્યારે ખોડભાઈ કિનારે ઉભા જ હોય..એમનો ડાયલોગ હોય... 'મેં તમને આમ કરવાનું નહીં પણ તેમ કરવાનું કહ્યું હતુ.....' ચંદ્રભદ્ર શરીર કરતાં મગજને પોષણ આપી રહ્યા હોય એવો અનુભવ થઈ રહ્યો હતો.....

મળી ગયો છે 'ગૂગલ' નો ઓપ્શન ?!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

અત્યાર સુધી શું હતું કે કાઇ પણ માહિતી જોઈતી હોય .. નંબર જોઈતા હોય .. રિટેલ જોઈતી હોય કે કોઈપણ કામ હોય તો આપણાં માટે હાથવગું હથિયાર એક જ હતું.. ગૂગલ ..!!! અને ગૂગલ પણ ' મૈ હું ના ' ની જેમ તમારી બધી જ ક્વેરીનો ઓલમોસ્ટ સંતોષકારક અને જથ્થાબંધ જવાબ પણ આપી દેતુ ..!!! આમ તો આ વાક્યને ભૂતકાળમાં લખવું થોડું વિચિત્ર લાગે છે પણ હકીકત એ છે કે બહુ જ થોડા સમયમાં ગૂગલની આ ઇજારાશાહી ખતમ થઈ શકે છે , અને ખતમ નહીં તો પણ ઓછી તો થઈ જ શકે છે . આમ પણ શું છે કે ટેકનોલોજીની દુનિયામાં ડેવલોપમેન્ટ એટલું ફાસ્ટ અને નવીન થતું હોય છે કે આજે જે ટેકનોલોજી નવી લાગે છે એ જૂની થતાં બહુ વાર નથી લાગતી ..!!! વાતમા બહુ ડેટા નાખ્યા વગર કહી દઉં તો ગૂગલને ટક્કર મારવા માટે આવી ગયું છે ' ચેટ જીટીપી ' . અંગ્રેજી Chat GPT અર્થાત Chat Generative Pr[a]rend Transformer એક ઓપન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા બનાવવામાં આવેલું ચેટ બોટ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના પર કામ કરતું આ ચેટ બોટ તમારા પ્રશ્નનો જવાબ લખીને આપે છે , મતલબ કે તમે તેના દ્વારા સરળતાથી શબ્દોના ફોર્મેટમાં વાત કરી શકો છો અને તમને કોઈપણ પ્રકારના પ્રશ્નોના જવાબો મળી શકે છે. આમ તો આ પણ ગૂગલની જેમ એક પ્રકારનું સર્ચ એન્જિન જ છે પણ આની વિશેષતા આગળ લખી એ છે કે એ તમને લેખિત સ્વરૂપમાં જવાબો આપે છે . હવે આ કેવી રીતે ગેમ ચેન્જર છે એ આપણે આગળ જોઈશું.

પણ એ પહેલા ગૂગલ અને ચેટ જીપીટી વચ્ચેનો ડિફરન્સ સમજો. જ્યારે તમે ગૂગલ પર કંઈપણ સર્ચ કરો છો, ત્યારે ગૂગલ તમને તે વસ્તુથી સંબંધિત ઘણી વેબસાઈટ્સ બતાવે છે, તમારે એમાંથી તમને યોગ્ય લાગે એ ઓપ્શન સ્વીકારવાનો છે જ્યારે ચેટ જીપીટી મા તમે કોઈપણ પ્રશ્ન શોધો છો, ત્યારે ઝરૂ્ટ્રૂ તમને તે પ્રશ્નનો સીધો જવાબ બતાવે છે. સરળ ઉદાહરણથી સમજો કે માનો કે તમારે વસંતપંચમી પર નિબંધ લખવો છે તો ગૂગલ તમને વેબ રિઝલ્ટ આપશે જેમાંથી તમારે તમારી પસંદગીનું રિઝલ્ટ સિલેકટ કરીને એ મુજબ લખવું પડે છે જ્યારે ચેટ જીપીટી તમને ડાયરેક્ટ રેડિમેડ નિબંધ જ લખી આપશે . છે ને કમાલ ..??? હવે કલ્પના કરો કે આવી હાથવગી સગવડ ઉપલબ્ધ હોય તો તમારે તો કાઇ મહેનત કરવાની જરૂર જ ના પડે ને ..???? કોઈ ફિલ્મની સ્ક્રિપ્ટ લખવી છે .. કોઈ પત્ર લખવો છે .. કોઈની બાયોગ્રાફી લખવી છે .. બોસને લિવ રિપોર્ટ મોકલવો છે .. યુ નેમ ઈટ અને ચેટ જીપીટી તમારી સેવામાં હજાર છે અને તમારી મહેનત બચાવીને તમને એક સચોટ અને રેડિમેડ જવાબ હાજર કરી આપશે ..!!!! છે ને જાદુઇ ચિરાગ જેવુ ..!!!! તમે ચેટ જીપીટી માં સવાલ એન્ટર કરો અને હુકમ મેરે આકકા ની જેમ જવાબ હાજર અને એ પણ રેડિમેડ .. ખાલી પ્રિન્ટ જ મારવાની ..!!!!

ચેટ જીપીટી અચાનક પ્રગટ નથી થયું પણ સાતેક વર્ષ પહેલાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપની ઓપનએઆઈ રિસર્ચ લેબોરેટરીએ ચેટ જીટીપી ચેટબોટનું સર્જન કરેલું પણ લાઈમ લાઇટમાં ત્યારે આવ્યું કે જ્યારે માઈક્રોસોફ્ટે સત્ય નડેલાના નેતૃત્વમાં તેમાં ઈર અબજનું મૂડીરોકાણ કર્યું અને જેની મદદથી ચૈટ જીપીટી બન્યું. નવેમ્બર-૨૦૨૨માં લોંચ થતાં જ દુનિયાભરમાં તેની ચર્ચા શરૂ થઈ ગઈ છે . અને આ ચર્ચાનો અંદાજો એના પરથી આવશે કે લોન્ચ થયાના માત્ર બે મહિનામાં જ પ્લેટફોર્મ ૧૦૦ મિલિયન યુઝર્સ પાર કરી ચૂક્યું છે કે જે એક અભૂતપૂર્વ સિદ્ધિ છે કેમ કે આટલા યુઝર્સ સુધી પહોંચવામા **TikTok** ને નવ મહિના અને ઈન્સ્ટાગ્રામને અઢી વર્ષ લાગી ગયેલા . સ્વાભાવિક છે કે ગૂગલને સીધી અસર કરતી ચેટ જીટીપી ને લીધે માઈક્રોસોફ્ટ અને ગૂગલ વચ્ચે આગળ રહેવાની સ્પર્ધા ચાલુ થઈ ગઈ છે . સર્ચ એન્જિનનું એકમાત્ર કિંગ ગૂગલને માઈક્રોસોફ્ટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સના ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ કંપની ઓપનઆઈ કંપની દ્વારા બનાવાયેલા ચેટબોટ ટૂલ ચેટજીપીટી મારફત સખત પડકાર ફેંક્યો છે. ઓનલાઈન સર્ચિંગ માટેના બજારના ૮૪ ટકા હિસ્સા પર ગૂગલનો કબજો છે જેને લીધે ગૂગલ જાહેરાતના વેચાણમાં ૧૦ બિલિયન ડોલરથી વધુની કમાણી કરે છે, પણ ચેટ જીટીપી ના ઉપયોગથી માઈક્રોસોફ્ટ પોતાના સર્ચ એન્જિન બિંગ ને ગૂગલ સાથે ટક્કર આપવા તૈયાર કરી રહી છે . જો કે સર્ચ એંજિનની દુનિયામાં અત્યારે તો બિંગ નો હિસ્સો માત્ર ૩% જ છે પણ માઈક્રોસોફ્ટને આશા છે કે ચેટ જીટીપી થી ગૂગલને પડકાર ફેંકી શકાશે . જો કે વર્ષો જૂની માંધાતા ગૂગલ કાઈ એમ ગાંજયું જાય એમ નથી એણે પણ ચેટ જીપીટીને ટક્કર આપવા માટે તેનું એઆઈ આધારિત ચેટબોટ બાર્ડ લોન્ચ કરવાની તૈયારી કરી લીધી છે. ગૂગલનું આ ચેટબોટ લામ્ડા (એલએએમડીએ) પર આધારિત છે. ચેટ જીટીપી નો ઉપયોગ કરવા માટે સૌ પ્રથમ તમે **openai.com** ની ઓફિશિયલ વેબસાઈટ પર જઈ તમારા ઈમેલ આઈડી અથવા ફોન નંબરથી વેબસાઈટ પર સાઈન-અપ કરવું પડશે. તમે સાઇન-અપ માટે તમારા **WhatsApp** નંબરનો પણ ઉપયોગ કરી શકો છો. સાઇન ઈન કર્યા પછી તમને ચેટ **GPT** વિશેની માહિતીની નીચે એક સર્ચ બાર આપવામાં આવશે. બસ આ સર્ચ બારમાં તમારો પ્રશ્ન લખો .. દબાવો એન્ટર અને મેળવો જવાબ .

આટલું વાંચતાં જ હરખાઈ ગયા ને ..? પણ વેઇટ .. ટેકનોલોજીમાં શું છે કે દરેકના ફાયદા અને નુકશાન બન્ને હોય જ છે બિલકુલ એવું જ ચેટ જીપીટી માં પણ છે . ફાયદાઓ જોઈએ તો તમારી ક્વેરીનો વિગતવાર જવાબ મળે છે એટલે તમારે જુદા જુદા રિઝલ્ટ વચ્ચે પસંદગીનો પ્રશ્ન નથી ઊભો થતો અને બીજી ખાસ વાત એ છે કે જો તમે ચેટ જીપીટી એ તમને આપેલ રિઝલ્ટથી ખુશ કે સંતોષ નથી પામતા તો તમે ચેટ જીપીટી ને કહી શકો છો જેથી એ પોતાનો ડેટાબેઝ અપડેટ કરી શકે . અત્યારે તો ચેટ જીપીટી ના ઉપયોગનો કોઈ ચાર્જ નથી પણ ભવિષ્યમાં ચાર્જ આવી શકે છે . વાત ગેરફાયદાઓની કરીએ તો અત્યારે ચેટ જીપીટી માત્ર અંગ્રેજીમાં જ કામ કરે છે મતલબ કે ગૂગલની જેમ વિવિધ ભાષાઓમાં જવાબ નથી આપતી એટલે અંગ્રેજીનો ઉપયોગ કરતાં લોકો સિવાયના લોકો માટે નકામું છે . માર્ચ ૨૦૨૨ પછીની ઘટનાઓ અને માહિતીઓ બહુ ઓછી છે કેમકે ચેટ જીપીટી એક તાલીમી વેબસાઇટ છે (એટલીસ્ટ અત્યારે તો) જેનો ડેટા સોર્સ માર્ચ ૨૦૨૨ સુધીનો જ છે . જો કે કંપની ડેટાબેઝ અપડેટ કરી રહ્યું છે અને બહુ જલ્દીથી રિયલ ટાઈમ રિઝલટસ પણ મળતા થઈ જશે . એક ને એક સવાલ વારંવાર પૂછતાં જુદા જુદા જવાબ મળ્યાનું ઘણા વિજ્ઞાનીઓએ નોંધ્યું છે . તાલીમી વેબસાઇટ હોવાને લીધે અત્યારે ફ્રી છે પણ ભવિષ્યમાં એના ઉપયોગ માટે પૈસા આપવા પડશે એવું બની શકે છે . જો કે સૌથી મોટો તફાવત એ છે કે ગૂગલ પાસે પોતાનું અલગ અલગોરિધમ અને મહિતીઓના પુષ્કળ રસ્તાઓ છે જ્યારે ચેટ જીટીપી હજુ પા પા પગલી ભરે છે એમ કહી શકાય પણ કેટલું પાવરફૂલ છે એ જાણવા માટે પ્રયોગિક ધોરણે એક યુનિવર્સિટીની પરીક્ષામાં ચેટ જીપીટીને સામેલ કરાયું હતું. અને બધાના આશ્ચર્ય વચ્ચે ચેટ જીપીટીએ માણસો કરતાં વધુ સારી રીતે જવાબ આપ્યા હતા કદાચ એટલે જ અમેરિકાના એક શહેરે તેના પર પ્રતિબંધ પણ લગાવી દીધો છે. કારણ કે આ ચેટબોટ એવા તમામ પ્રશ્નોના જવાબ આપી રહ્યું છે જેની બાળકોના ભવિષ્ય પર ખરાબ અસર પડી શકે છે. અમેરિકાના ન્યુયોર્ક સિટી ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશને તેના પર પ્રતિબંધ મૂક્યો છે. આપણાં ભારત અને વિદેશની ઘણી યુનિવર્સિટીઓએ તેમના કેમ્પસમાં ચેટ ્રૂ પર પહેલેથી જ પ્રતિબંધ મૂક્યો છે. ચેટ જીટીપી હજુ તો પ્રારંભિક તબક્કામાં જ છે ત્યાં જ આટલો તહેલકો મચાવ્યો છે તો વિચારો કે આવનાર સમયમાં ફુલ્લી લોડેડ ચેટ જીટીપી માહિતીની આખી દુનિયા જ બદલી નાંખશે એ નક્કી છે . **(akurjt@gmail.com)**

વિસામો :

બેંગલુરુ સ્થિત **Google** સોફ્ટવેર એન્જિનિયર સુકુરુ સાઈ વિનીથે ગીતા **GPT** ચેટબૉટ વિકસાવ્યું છે, જે ભગવદ ગીતાથી પ્રેરિત છે. આ ચેટબોટની મદદથી યૂઝર્સ તેમની દરરોજની સમસ્યાઓ વિશે ભગવદ્ ગીતાથી સલાહ-સૂચન મેળવી શકશે. તમારા પ્રશ્નોના જવાબ ગીતાના આધારે મળશે .

સાપ્તાહિક રાશિફળ

(તા. ૧૯-૦૨-૨૩ થી તા. ૨૫-૦૨-૨૩ સુધી

પ્રસંગસર
વિષ્ણુભાઈ વૈષ્ણવ

૧. મેષ રાશિ

આ સપ્તાહ તમારું સ્વાસ્થ્ય સારું રહેશે. નાણાંકીય અગાઉના રોકાણના પૈસા પાછા મળે. પરંતુ વિચારીને ખર્ચ કરવું નહિ તો વ્યર્થ નુકશાન જશે. મુસાફરી કરવી નહિ. સંપત્તિમાં ફેરફાર થાય. વાહનયોગ છે. સંતાન અંગે પ્રશ્નો ઉભા થાય. પરિવાર સાથે વિવાદ થાય. નોકરીમાં પ્રમોશન મળે. ભૂતકાળની મહેનતનું ફળ મળે. વિદ્યાર્થીઓ માટે પ્રતિકૂળ સમય છે. સ્ત્રી વર્ગ માટે સમય સાચવવા જેવો છે. ધાર્મિક કામો દાન-ધર્મમાં ખર્ચ થાય. શેર માર્કેટમાં નવી ખરીદી કરી શકો.

૨. વૃષભ રાશિ :

આ સપ્તાહ તમો નવી યાત્રાનું આયોજન કરી શકો. અતિશય આહાર લેવાનું ટાળવું. આર્થિક સુધારા આવી રહ્યા છે. જમીન-મકાન ખરીદી ફાયદાકારક રહે. આ સમય ખર્ચની સંભાવના છે. આયોજન કરવું. સામાજિક પ્રવૃત્તિમાં ભાગ લેવો. જવાબદારી વધશે. નાણાંકીય રોકાણ ન કરવું. પારિવારિક સુખ વધે. નોકરીયાત માટે અનુકૂળ સમય, સ્ત્રી વર્ગ માટે રાહતનો અનુભવ.

૩. મિથુન રાશિ :

આ સપ્તાહ માનસિક વ્યગ્રતા અનુભવો. સ્વાસ્થ્ય માટે ખર્ચ થવાની સંભાવના છે. આકસ્મિક લાભ પણ થાય. જમીન મકાન વગેરે માટે આયોજન થઈ શકે. પારિવારિક સંબંધો વધુ સારા થશે. કાર્યસ્થળ પર શ્રેષ્ઠ યોગદાન એ જ સફળતા તરફ લઈ જશે. માનસિક તાણ અનુભવો. આપના દૃઢ મનોબળને કારણે વ્યવસાયમાં ઉપલબ્ધિ હાંસલ કરો. નાની યાત્રા કરી શકો. વિદ્યાર્થી માટે સંઘર્ષ. સ્ત્રી વર્ગ માટે અનુકૂળતા. નોકરીમાં અચાનક બદલી થાય કે બઢતી મળે.

૪. કર્ક રાશિ :

આ સપ્તાહ તમારા સ્વાસ્થ્ય અંગે સામનો કરવો પડે નહિ. નિયમિત વ્યાયામ કરો. ભૂતકાળની મુશ્કેલીઓ દૂર થાય. પારિવારિક સંબંધોમાં ઘર્ષણ થઈ શકે. યાત્રાનો સમય અનુકૂળ નથી. કુટુંબના સભ્ય અભ્યાસ માટે વિદેશ જઈ શકે. દાંપત્ય જીવન સુમધુર રહેશે. આકસ્મિક ધન લાભ થઈ શકે. વિદ્યાર્થીઓ માટે નાસીપાસ થવાનો સમય નથી. પ્રયત્નથી સફળતા મળે. પિતાના સ્વાસ્થ્યની કાળજી લવી. નોકરિયાત વર્ગ માટે ભાગ્યોદયનો સમય છે. સ્ત્રી વર્ગ માટે મનનો સંયમ રાખવો. નાણાંકીય રીતે વ્યવસાયમાં નવું કામ ન કરવુ.

૫. સિંહ રાશિ :

આ સપ્તાહ સ્વાસ્થ્યની કાળજી લેવી. નાણાંકીય બાબતે અન્ય સાથે ભાગીદારી ન કરવી. જો કે નવા આયોજન કરી શકો. નવા લાભો પ્રાપ્ત થાય. મકાન, વાહન, સંપત્તિમાં રોકાણ કરી શકો. ધાર્મિક કાર્યો તથા દાન ધર્મમાં ખર્ચ થાય. સંઘર્ષમય સમય રહેશે. આર્થિક મુશ્કેલી દૂર થશે. વ્યવસાયમાં લાભ મળે. ભાગ્યોદય થાય. વિદ્યાર્થી માટે શુભ સમય. નોકરિયાત વર્ગ માટે પગાર વધારો થાય. પ્રમોશન મળે. સ્ત્રી વર્ગ માટે કઠીન સમય પસાર કરવો પડે. માનસિક વ્યગ્રતા ઊભી થાય.

૬. કન્યા રાશિ :

આ સપ્તાહ આપના માટે ફળદાયક નીવડે. આગળની સમસ્યાનું નિરાકરણ આવશે. સ્વાસ્થ્ય સારું રહેશે. ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધે. સ્વાસ્થ્યમાં હૃદયરેખાના દર્દીએ સાવધાની રાખવી. હાડકાનાં દર્દ થઈ શકે. નાણાંકીય દૃષ્ટિએ પણ શુભ સમય આવે. નોકરી અને વ્યવસાયમાં શુભ સમાચાર મળે. સહકર્મીઓનો સહકાર મળે. દાંપત્ય જીવનમાં આધ્યાત્મિક કાર્યો સુમેળ રાખે. સ્ત્રી વર્ગ માટે ધાર્મિક કાર્યો કરવા. બિનજરૂરી વિવાદમાં ન પડવું. વિદ્યાર્થીઓ માટે શુભ સમય.

૭. તુલા રાશિ :

આ સપ્તાહ આપનાં જોમ જુસ્સા વધશે. સ્ફુર્તિથી કામ કરશો. સારા સમાચાર સફળતા મળે. વિજય પ્રાપ્ત થાય. પૈસાની દૃષ્ટિએ શુભ યોગ. સંતાન અંગેના પ્રશ્નો ઉભા થાય. માનસિક સ્થિતિ ક્યારેક ડામાડોળ થાય. વાદવિવાદથી દૂર રહેવું. મકાન, વાહન, સંપત્તિના કાર્યોમાં ફાયદાકારક, લાભ આપશે. દાંપત્યજીવનમાં ખટરાગ ઉભા થાય તેમ વધવુ. ધંધો-વ્યવસાય માટે લોન મળે. વિદ્યાર્થીઓ માટે પરિણામ અવનવું આવે. નોકરિયાત માટે પ્રમોશન, બદલી શક્ય છે.

૮. વૃશ્ચિક રાશિ :

આ સપ્તાહ આપના માટે માનસિક સંતાપ રહે. સખત કસરત કરવી. શારીરિક પરિશ્રમ બળ આપે. ભાઈભાંડુનો કાર્યમાં બૌદ્ધિક સહયોગ મેળવવો. મકાન, વાહન, સંપત્તિમાં નવું આયોજન ન કરવું. છેતરાવાની શક્યતા રહે. સંતાનના પ્રશ્નોનું નિરાકરણ આવે. ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવું. પારિવારિક શાંતિ. નાણાંકીય પ્રશ્નો સતાવે. સંતાનો સહકાર આપે. મદદ કરે નોકરીમાં વિવાદ ઊભા થઈ શખે. વિદ્યાર્થીને સફળતા...

૯. ધન રાશિ....

આ સપ્તાહ સ્વાસ્થ્ય અનુકૂલ રહે. નાણાંકીય દૃષ્ટિએ પણ સાનુકૂળતા ભર્યો સમય છે. નવા આયોજન કરો. વાકછટાથી આપ વધુ સફળ બનશો. પરાક્રમી બનશો. વારસાગત પિતા દ્વારા સંપત્તિ મળી શકે. વાહન કાળજીથી ચલાવવું. નાણાં